# હિંમતનગર-મોડાસા-વાત્રકમાં સરકારી કોવિડ હોસ્પિટલ શરૂ કરવા માંગ

## કોરોનાથી દર્દીઓ આર્થિક બેહાલ થઈ રહ્યા છે, એક સપ્તાહમાં સ્થિતિ વધુ ગંભીર બનવાનું તારણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના દર્દીઓ ૮૦૦ થી વધુ હોવાની આશંકા છે. અનેક દર્દીઓ હોમ ક્વોરન્ટાઈન, ગંભીર હાલત હોય તેવા દર્દીઓ અમદાવાદ, હિંમતનગર, ગાંધીનગર, ઈડર, મોડાસા, બાયડની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ત્યારે કોરોનાથી દર્દીઓ આર્થિક બેહાલ થઈ રહ્યા છે આ સંજોગોમાં હિંમતનગર, મોડાસા અને વાત્રકમાં ૪૦૦ બેડની સરકારી કોવિડ હોસ્પિટલ ફરીથી શરૂ કરવાની માંગ થઈ છે અને આ અંગે રાજય સરકાર તેમજ આરોગ્ય વિભાગનું ધ્યાન દોરવામાં આવ્યું છે.



કોરોનાનો આતંક ગરમી વધે તેમ વધુ ઉગ્ર થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ગરમી કરતાં કોરોના વધુ હાવિ બનવાની પૂર્ણ દહેશત છે. જિલ્લાના તમામ શહેરી વિસ્તારો ઉપરાંત તાલુકા મથકમાં કોરોનાના અસંખ્ય કેસ સામે આવ્યા પછી ગ્રામ્ય વિસ્તારો પણ કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. પાછલા ૫ દિવસના કોરોનાના આંકડા ઉપર નજર કરવામાં આવે તો સરકારી દફતરે માંડ ૧૪૦ કેસ નોંધાયા છે. જ્યારે ખાનગી આંકડો ૮૦૦ને પાર કરી ગયો છે. કોરોનાના કેસ છૂપાવવાના ગમે તેટલા પ્રયાસ થાય પરંતુ કોરોના જેને પણ લાગુ પડ્યો હોય તેના પડોશીઓ અને સોસાયટીમાંથી કોણ કોરોનાથી ચેપગ્રસ્ત થયું છે તેની વિગતો બહાર આવી જાય છે. સરકાર અને આરોગ્ય વિભાગે પણ વાસ્તવિક્ સ્થિતિનો સ્વીકાર કરવો પડશે. ગત વર્ષ કરતાં આ વર્ષે કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ દેખાઈ રહ્યું છે. મૃત્યુ દર ઓછો છે તો રાહતરૂપ છે પરંતુ સંક્રમણની ગતિમાં ઉછાળો આવ્યો છે તે જોતાં આગામી દિવસોમાં અસંખ્ય બાળકો પણ કોરોનાથી સંક્રમિત થવાની પૂરેપૂરી સંભાવના છે. આ સંજોગોમાં ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારના કોરોનાથી સંક્રમિત દર્દીઓને પોતાના વિસ્તારમાં સરકારી કોવિડ હોસ્પિટલમાં લાભ મળે તે માટે જાન્યુઆરી-૨૦૨૧માં બંધ કરાયેલી હિંમતનગર, મોડાસા અને વાત્રકની સરકારી કોવિડ હોસ્પિટલ તાબડતોબ શરૂ કરવાની માંગ થઈ છે. જિલ્લા ભાજપ યુવા મોરચાના અગ્રણી કેતન બારોટે જણાવ્યું છે કે કોરોનાની સારવાર લેતા દર્દીઓ માટે દવાનો ખર્ચ બોજારૂપ બની રહ્યો છે આ સંજોગોમાં બંન્ને જિલ્લામાં સરકારે કોવિડ હોસ્પિટલો શરૂ કરવી જોઈએ.

# અરવલ્લીમાં મંડપ ડેકોરેટર્સના ધંધા ૧૩ મહિનાથી ચોપાટ, છૂટછાટ આપવા આવેદનપત્ર

### ગોડાઉનનાં ભાડાં કાઢવાં પણ મુશ્કેલ, ટેક્ષ માફ કરવાની પણ માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

કોરોનાના વધતા કહેરથી અનેક મોટાગજાના ધંધાને અસર થઈ રહી છે. અરવલ્લી જિલ્લા મંડપ ડેકોરેટર્સ એસોસીએશને છેલ્લા ૧૩ મહિનાથી ધંધા ચોપાટ છે, માલ જ્યાં મૂકવામાં આવે છે તે ગોડાઉન, પાર્ટીપ્લોટનાં ભાડાં કાઢવાં મુશ્કેલ થઈ પડ્યાં છે આ સંજોગોમાં ધંધાર્થીઓને છૂટછાટ આપવા અને પાલિકા પંચાયત ટેક્ષ માફ કરવાની માંગ કરી સરકાર મંડપ ડેકોરેટર્સ માટે ખાસ સહાય પેકેજ જાહેર કરે તેવી માંગ સાથે અરવલ્લી કલેક્ટરને સોમવારે એસોસીએશન દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાનો કહેર વધતાં મોટા લગ્ન અને જમણવારના પ્રસંગો ઉપર બ્રેક વાગી છે. સિમિત સંખ્યામાં લગ્નસરા સહિત શુભ પ્રસંગો યોજવા છૂટછાટ આપવામાં આવી પરંતુ ત્યારબાદ ફરી એકવાર તાજેતરમાં જ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોટા જમણવાર ઉપર બ્રેક લગાવવા મામલતદાર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લા મંડપ ડેકોરેટર્સ એસોસીએશનના પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ, મંત્રી ગૌરાંગભાઈ શાહ, પેટર્ન પ્રમુખ ઈબ્રાહીમ ભુરા સહિત એસોસીએશનના હોદ્દેદારો તા.૫ ના રોજ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી પોતાના ધંધાની આપવીતી જણાવી છે. છેલ્લા ૧૩ મહિનાથી બેકાર હોવાથી ગોડાઉન ભાડા, પાર્ટીપ્લોટના ભાડા, લીઝ પર લીધેલ પ્લોટ કે હોલના ભાડાં પણ ભરી શકાય તેવી સ્થિતિમાં નથી આ સંજોગોમાં છૂટછાટ આપવાની માંગ કરી છે. ધંધો પૂર્વવત ન થાય ત્યાં સુધી સરકારી લીઝ પર રાખેલ પ્લોટ, હોલ, ગોડાઉનનાં ભાડાં માફ કરવામાં આવે. શુભ પ્રસંગોમાં ૫૦૦ વ્યક્તિની અને અન્ય પ્રસંગમાં ૫૦ ટકા સંખ્યા માટે છૂટ કોઈપણ પ્રસંગના કાર્ય માટે અવર જવર માટે માલસામાનના ટ્રાન્સપોર્ટેશન માટે મજૂરોને અવર જવરની મંજૂરી, કરફ્યુગ્રસ્ત વિસ્તારમાં પણ છૂટછાટ સહિતની માંગ કરી છે અને પોતાની આ માગણી અને લાગણી રાજ્ય સરકારને પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગઢાનો વહીવટદાર ચર્ચામાં : અરવલ્લીના માર્ગો ઉપર વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરોને પરવાનો

### હાઈવે પેટ્રોલીંગના વાહનો ચોક્કસ સમયે ગાયબ રાખવાનું સેટીંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર વિદેશી દારૂ ઘુસાડવા માટે ભ્રષ્ટ પોલીસ તંત્ર દ્વારા છૂપો પરવાનો આપી દેવાયો હોવાના આક્ષેપ શરૂ થયા છે. સરહદેથી ચોક્કસ બુટલેગરોના વિદેશી દારૂ ભરેલાં વાહનો પસાર થવાના હોય તે સમયે હાઈવે ઉપર પેટ્રોલીંગમાં ઉભા વાહનોને ચોક્કસ સમય માટે જે તે સ્થળેથી ગાયબ રાખવાનું અંદરખાને સેટીંગ થયાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા પોલીસ તંત્રમાં બદલીઓ કરી પોલીસની છાપ સુધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો પરંતુ ઉલ્ટાનું ભ્રષ્ટ પોલીસ કર્મીઓ બુટલેગરો સાથે સેટીંગ કરવામાં સફળ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ગઢાનો વહીવટદાર ચર્ચામાં આવ્યો છે.

જિલ્લાની રાજસ્થાન સરહદેથી રોજ કરોડો રૂપિયાનો વિદેશી દારૂ રાજ્યના ખૂણે ખૂણે પહોંચી રહ્યો છે. પોલીસ દ્વારા વિદેશી દારૂ ભરેલાં વાહનો જપ્ત કરવામાં આવે છે તેના કરતાં ચાર ગણી કિંમતનો વિદેશી દારૂ પોલીસના છૂપા આશીર્વાદથી બુટલેગરો સુધી પહોંચી જતો હોય છે. શામળાજી સરહદેથી કાયમી પોલીસ ચોકી બંધ કરી દેવાયા પછી વિદેશી દારૂના બુટલેગરોને છૂટો દોર મળ્યો હોય તેવી સ્થિતિ વચ્ચે હમણાંથી અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર વિદેશી દારૂ ભરેલાં વાહનો પસાર કરવા માટે ખુદ ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓએ જ બુટલેગરો સાથે સેટીંગ કર્યાની વિગતો ચર્ચામાં આવી છે જેમાં હાઈવે માર્ગ ઉપર પોલીસ પેટ્રોલીંગમાં ઉભી હોય તો પાયલોટીંગ કરનાર વાહન ચાલક જે તે પોલીસ કર્મીને સરકારી વાહનો રોડની સાઈડમાંથી હટાવી લેવાની સૂચના આપે કે તરત પેટ્રોલીંગમાં વ્યસ્ત પોલીસ કર્મીઓ વાહન સાથે માર્ગો ઉપરથી અદ્રશ્ય થઈ જતા હોવાની બાબતે આશ્ચર્ય જગાવ્યું છે.

**પોલીસ સાથે ફરતા ગઢાના વહીવટદારની તપાસ જરૂરી**

બાયડ : અરવલ્લી જિલ્લાના માર્ગો ઉપર વિદેશી દારૂની હેરાફેરીમાં ધરખમ વધારો થયો છે. પોલીસે અંદરખાને સેટીંગ કર્યાની ગરમ ગરમ ચર્ચા વચ્ચે મોડાસા તાલુકાના ગઢા ગામનો અને મોડાસામાં રહેતો વહીવટદાર પણ ખાસ્સો ચર્ચામાં આવી ગયો છે. પોલીસ સ્ટેશનથી માંડી હાઈવેની પોલીસ ચોકીઓ ઉપર ઈનોવા લઈ ફરતા વહીવટદારની ઉંડી તપાસ થાય તો પોલીસના બુટલેગરો સાથેના સેટીંગનો પર્દાફાશ થઈ શકે છે.

# ગુરૂનો કુંભ રાશિમાં પ્રવેશ : ઉત્તર ગુજરાતમાં રાશિ પરીવર્તનથી લોકોમાં બિમારીઓ સામે લડવાની તાકાત વધશે

### મેષ, મિથુન, સિંહ, તુલા, મકર રાશિના જાતકોને ધનલાભ થઈ શકે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

આજે ગુરૂનો કુંભ રાશિમાં પ્રવેશ થવાનો છે. જ્યોતિષિઓના મતે મંગળવારે ૧૨-૨૫ કલાકે ગુરૂ મકર રાશિમાંથી કુંભ રાશિમાં પ્રવેશ કરશે. ૧૩ મહિના સુધી રહેશે ગુરૂનું રાશિ પરીવર્તન વાયુતત્વની રાશિઓને પ્રભાવિત કરી શકે છે. ઉત્તર ગુજરાતમાં રાશિ પરીવર્તનથી લોકોમાં બિમારીઓ સામે લડવાની તાકાત વધશે. મેષ, મિથુન, સિંહ, તુલા, મકર રાશિના જાતકોને ધનલાભ થઈ શકે તેમ જ્યોતિષ વિદો જણાવી રહ્યા છે.

આધુનિક વિજ્ઞાન યુગમાં પણ જ્યોતિષીઓ ઉપર શ્રદ્ધા રાખનારાઓની સંખ્યામાં કોઈ ઓટ આવી નથી. ચૈત્ર મહિનામાં ગુરૂના રાશિ પરીવર્તનથી લોકોમાં



બિમારીઓ સામે લડવાની તાકાત વધશે. અત્યારે ગુજરાત સહિત સમગ્ર ઉત્તર ગુજરાત કોરોનાની મહામારીમાં સપડાયો છે. સતત કોરોના કેસ વધવાની સાથે મૃત્યુ આંક પણ ઉંચકાઈ રહ્યો છે. આવા સમયે ૧૩ મહિના માટે ગુરૂનો કુંભ રાશિમાં પ્રવેશ પ્રજા માટે ફાયદાકારક થઈ શકે તેવો મત જ્યોતિષીઓએ વ્યક્ત કર્યો છે. કુંભ રાશિમાં ગુરૂના પ્રવેશથી મેષ, મિથુન, સિંહ, તુલા અને મકર રાશિના જાતકોને ધનલાભ થશે અને વિવિધ ક્ષેત્રમાં તેઓ આગળ વધી શકે છે. જ્યારે વૃષભ, કન્યા અને ધન રાશિના જાતકો ઉપર તેની અસર સામાન્ય રહેશે. કુંભ રાશિમાં ગુરૂ આવવાથી કર્ક, વૃશ્ચિક, કુંભ અને મીન રાશિના જાતકોના શુભ કાર્યોમાં અવરોધની શક્યતા છે. આ રાશિના જાતકોએ ૧૩ મહિના સુધી સાવધ રહેવું અને માનસિક તણાવ ન વધે તે ખાસ જોવું.

# આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં રસીકરણ યોજાયું

ધનસુરા, તા. ૫

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ના એન.એન.એસ ના યુનિટ તથા ભેંસાવાડા આરોગ્ય કેન્દ્ર ના સંયુક્ત ઉપક્રમે કોવિડ-૧૯ સુરક્ષા હેતુ રસીકરણ નો કાર્યક્રમ પ્રિન્સિપાલ પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો જેમાં ઉપપ્રમુખ ગોપાલભાઈ મંત્રી અતુલભાઈ ઉપસ્થિત રહ્યા હતા જેમાં ૨૨ જેટલા સ્ટાફે રસીકરણ કરાવ્યું હતું એન.એન.એસ ના પોગ્રામ ઓફિસર જી.જે.પટેલ તથા દિપ્તિબેન તથા સમગ્ર સ્ટાફ જોડાયો હતો.



# મેઘરજના રાયવાડા પાસે દેશી બનાવટની બે બંદુકો સાથે ચારની અટકાયત

### એક ઈસમ જંગલમાં ભાગી છૂટ્યો, વન્ય પ્રાણીઓનો શિકાર કરતા હોવાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

મેઘરજના રાયવાડા પાસે પોલીસે બે બંદુકો સાથે મોટરસાયકલ પર આવેલા ૪ ઈસમોની અટકાયત કરી છે. જ્યારે અન્ય એક ઈસમ વાઘાભાઈ સૂરમાભાઈ ડામોર (રહે. સરથુના) જંગલમાં ભાગી છૂટવામાં સફળ રહ્યો છે. નિલગાય સહિત વન્ય પ્રાણીઓના શિકાર માટે રાજસ્થાનની ટોળકી અરવલ્લી જિલ્લામાં સક્રીય હોવાની આશંકા પછી સાબરકાંઠા એસ.ઓ.જી.એ ૪ આરોપીઓ સહિત રૂા.૨૦ હજારની કિંમતની દેશી બનાવટ બંદૂક સાથે અટકાયત કરી પૂછપરછ કરી છે.



જિલ્લાના મેઘરજ, માલપુર અને બાયડ તાલુકામાં નિલગાયોના શિકાર માટે ડફેર ટોળકી કેટલાક સમયથી સક્રીય બની છે. પરંતુ કાયદાની આંટીઘૂંટીના કારણે આવા આરોપીઓને આસાનીથી જામીન મળી જતા હોય છે. રાજસ્થાનના ૫ જેટલા ઈસમો બે મોટરસાયકલ ઉપર બંદૂક લઈને ફરી રહ્યા છે તેવી બાતમી મળતાં અરવલ્લી એસ.ઓ.જી.ની ટીમે રાયવાડા ચોકડી નજીક પેટ્રોલીંગ સઘન બનાવ્યું હતું જેમાં બાતમી આધારીત બે મોટરસાયકલ જોવા મળતાં તેમને થોભાવવામાં આવ્યા જે સમય દરમ્યાન એક ઈસમ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ૪ ઈસમોની અટકાયત કરી બંદૂક રાખવા બાબતે પૂછપરછ શરૂ કરી છે પરંતુ પોલીસને સંતોષકારક જવાબ મળ્યો નથી.

**આરોપીઓ..**

રમણભાઈ ઉદાભાઈ ડામોર
રાયસનભાઈ જાલુભાઈ ડામોર
મુકેશભાઈ પ્રતાપભાઈ ડામોર
બહાદુર સોમાભાઈ ડામોર
(તમામ રહે.સરથુના, તા.સીમલવાડા-રાજસ્થાન)

# સરડોઈના ધારેશ્વરના જંગલમાં આગ, ૧૦ હેક્ટર જમીનમાં પથરાયેલી વનરાજી નામશેષ

### જંગલ વિસ્તારમાં આગ લાગવાના અસંખ્ય બનાવ છતાં તંત્રની ચૂપકીદી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

અરવલ્લી જિલ્લો દરરોજ આગની લપેટમાં આવી રહ્યો છે. મોડાસાના સરડોઈના ધારેશ્વરના જંગલમાં પાછલા ગત રોજ સમી સાંજથી આગ લાગતાં ૧૦ હજાર હેક્ટર જમીનમાં પથરાયેલી કિંમતી વનરાજી નામશેષ થઈ છે. આગના લબકારા દૂર દૂર સુધી જોવા મળ્યા છતાં વન વિભાગ પાસે આધુનિક સાધનો ન હોવાથી આગ વધુ વિકરાળ બની હતી. સ્થાનિક પર્યાવરણ પ્રેમી યુવાનો અને વન કર્મીઓએ અપના હાથ જગન્નાથની જેમ આગ બુઝાવવાના પ્રયાસ કર્યા હતા જેમાં મોંડેથી સફળતા મળી હતી.

ચોમાસા, શિયાળા દરમ્યાન અરવલ્લી જિલ્લાની શોભા બનેલી ગીરીકંદરોઓને કોઈની નજર લાગી હોય તેમ પાછલા ૧૦ દિવસથી કુંડોલ, મેઘરજ, માલપુર તાલુકાના અનેક જંગલ વિસ્તારોમાં આગની ઘટનાઓએ પ્રજાને હચમચાવી છે પરંતુ વન વિભાગના અધિકારીઓનું પેટનું પાણી ન હલતાં આગની ઘટનાઓમાં ક્યાંક વન વિભાગની પરોક્ષ ભાગીદારી તો નથી ને..?? તેવા લોક આક્ષેપ સાંભળવા મળ્યા છે. વન વિભાગમાં ફળવાતી કરોડોની ગ્રાન્ટની તપાસના ધમધમાટ વચ્ચે એકાએક આગ લાગવાના બનાવોએ પ્રજાને વિચારતા કરી દીધા છે. આગ આકસ્મિક હોય તો પણ જે રીતે સૌથી વધુ ગ્રાન્ટો ફળવાઈ છે તેવા વિસ્તારમાં આગની ઘટનાઓએ આશ્ચર્ય ઉભું કર્યું છે. સરડોઈના ધારેશ્વરના ગાઢ જંગલથી આ વિસ્તાર નયનરમ્ય લાગતો હતો પરંતુ ગત રોજ સમી સાંજે કોઈની નજર લાગી હોય તેમ ભિલોડાના મોંરી, જાલીયા જંગલ વિસ્તારમાં લાગેલી આગની જવાળાઓએ ધારેશ્વરના જંગલ વિસ્તારને દવ લગાવતાં કિંમતી વનરાજી નામશેષ થઈ છે. જંગલ વિસ્તારમાં રહેતા અન્ય નાના વન્ય પ્રાણીઓ મોટી સંખ્યામાં મોતને ભેટ્યા છે કાં તો દાઝી ગયાની આશંકા છે.



## જન્મદિને વધામણી



જીયાંન્શી રમેશભાઈ સોલંકી
જાલમ ખાંટના મુવાડા, તા.માલપુર



અર્થ એસ. ચૌધરી
ધનસુરા



હેમંતભાઈ દિક્ષીત
(ભુડાસણ હાઈસ્કુલ)
બાયડ



મોન્ટું કિરીટભાઈ પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



ચિરાગભાઈ જયંતિભાઈ પટેલ
(છાપરીયા પ્રા. શાળા)
બાયડ



દિલીપભાઈ બી. પટેલ
(ડેમાઈ પ્રા.શાળા)
બાયડ



પાર્થ પંડ્યા
બાયડ



દિવ્યમ કમલેશભાઈ નાયી
નેત્રામલી